# સત્સંગ વિહાર ચેલેન્જ

:: રજૂકર્તા ::
બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય
અમદાવાદ

## પાઠ : ૧૪
## યોગીજી મહારાજની દિવ્ય દૃષ્ટિ



સને ૧૯૫૯. **આફ્રિકા**ના ટાન્ઝાનિયા દેશનું **દારેસલામ** શહેર. ત્યાં **યોગીજી મહારાજ** વિરાજમાન હતા. એકવાર તેઓ લઘુ કરવા **બાથરૂમમાં** ગયા. ત્યાં તેમણે કપડાંનો ઢગલો જોયો. તેઓ સમજી ગયા કે **યુવકોનાં કપડાં ધોવાનાં બાકી** છે.

કંઈ પણ બોલ્યા વિના તેઓ બાથરૂમ બંધ કરી કપડાં ધોવા બેસી ગયા ! **ઘણા સમય પછી** આવી **સેવા મળી**, તેથી તેમને **આનંદ** સમાતો નહોતો. સ્વામી કપડાં ધોઈ બહાર આવ્યા, ત્યારે સૌ યુવકોને ખબર પડી કે **સ્વામીએ કપડાં ધોઈ નાખ્યાં** છે.

યુવકોને ઘણું દુઃખ થયું. યોગીબાપાના પગે પડી એક યુવક કહે, 'સ્વામી! અમારે આપનાં કપડાં ધોવાનાં હોય, અને આપે અમારાં કપડાં ધોયાં!!'

તરત જ યોગીજી મહારાજે હસીને કહ્યું, 'તમારા જેવા ધર્મભાવનાવાળા યુવકોની **સેવા કરવાનો લાભ મને ક્યારે મળે !** એટલે જરી એ લહાવો લેતો હતો.' આવું સાંભળી યુવકોની આંખો અને હૃદય ભરાઈ આવ્યાં.

■ ■ ■

સને ૧૯૫૬. યોગીજી મહારાજ **સ્પેશિયલ ટ્રેનમાં યાત્રા**એ નીકળ્યા હતા. **પૉંડિચેરી**માં સૌ **અરવિંદ આશ્રમ** જોવા ગયા હતા. શારીરિક તકલીફને લીધે યોગીજી મહારાજ જઈ શક્યા ન હતા. તેઓ, જોડના સંત, વિનુભાઈ (હાલ પૂજ્ય મહંતસ્વામી) અને જશભાઈ ચાર જ ટ્રેન પાસે હાજર હતા.

એકાએક યોગીજી મહારાજ કહે, 'ચાલો, પ્રસાદીની ગાડીની પ્રદક્ષિણા કરીએ.' એમ કહી તેઓ **૧૮ ડબ્બાની ટ્રેનની દોઢ પ્રદક્ષિણા** ફર્યા. ને પછી ટ્રેનની સામે **દંડવત્** કરવા લાગ્યા.

જશભાઈ કહે, 'બાપા ! **કોને દંડવત્ કરો છો ?**' યોગીજી મહારાજ કહે, '**હરિભક્તોને.**' જશભાઈ કહે, 'તેઓ તો **આશ્રમ જોવા** ગયા છે.' યોગીજી મહારાજ તરત જ કહે, 'તેમનો **સામાન તો છેને !**'

**આવા હતા યોગીજી મહારાજ !**

**તેમની દૃષ્ટિમાં દિવ્યતા ભરી હતી. ગુરુ થઈ તેઓ શિષ્યની સેવા કરતા. તેમને દંડવત્ કરતા. તેમનો મહિમા સમજતા.**

**તેઓએ શીખવ્યું કે મહારાજ-સ્વામીના સંબંધમાં આવેલા સૌ સંતો-ભક્તો દિવ્ય છે. કોઈના અવગુણ સામે ન જોવું. સંબંધનો મહિમા સમજવો.**

તેઓ વારંવાર કહેતા : 'હું બધામાં ગુણાતીત ભાવ લાવીને શ્રીજી મહારાજને દેખું છું. તેથી અહો અહો થાય છે.'

સત્સંગ વિહાર ચેલેન્જ

# પાઠ : ૧૪
# યોગીજી મહારાજની દિવ્ય દૃષ્ટિ



## ચેલેન્જ ૦૧
## ' યોગીનો મારગ '

જરૂરી સામગ્રી : **મોટો બોલ, મોબાઈલ, ઘરના તમામ સભ્યોના નામ લખેલી ચિઠ્ઠી**

કોણ જોડાશે : **ઘરના તમામ સભ્યો**

**રીત :** આ ચેલેન્જ માટે સૌપ્રથમ ઘરના દરેક સભ્યોના નામ લખેલી ચિઠ્ઠી તૈયાર કરવી. ઘરના તમામ સભ્યો હવે સર્કલ બનાવી બેસશે અને ઘરના વડીલ મોબાઈલમાં  કોઈ એક કીર્તન વગાડશે. કીર્તન શરૂ થાય કે તરત જ દરેક સભ્ય એકબીજાને બોલ પાસ કરશે. વડિલ થોડા સમયમાં કીર્તન અટકાવશે. કીર્તન બંધ થતા જ જેની પાસે દડો આવે તેણે એક ચિઠ્ઠી ઉપાડવાની રહેશે. તેમાં જે સભ્યનું નામ આવે તેમના ત્રણ ગુણ ચિઠ્ઠી ઉપાડનારે કહેવાના રહેશે. ભૂતકાળમાં તેમણે પોતાને કરેલી કોઈ મદદ અન્ય સૌને કહી તે માટે તેમણે આભાર માનવાનો રહેશે. આ રીતે દરેક સભ્યના નામ આવે ત્યાં સુધી બોલ પાસ કરવો.

### મનન

આમાં જણાવ્યા પ્રમાણે યોગીજી મહારાજ ગુરુ હોવા છતાં શિષ્યની પણ સેવા કરવાની તક જવા ન દેતા. તેમના અવગુણો જોયા વિના તેમનો કેટલો બધો મહિમા સમજતા. તો આજથી આપણે પણ સંકલ્પ કરીએ. '' યોગીનો મારગ અપનાવું, મહિમા સૌનો સદાય વિચારું, ગુણો સૌના અંતરે ધારું, યોગીનો મારગ અપનાવું ''



## ચેલેન્જ ૦૨
## 'મહિમા સમજો, હાર પહેરાવો'

જરૂરી સામગ્રી : **ક્રાફ્ટ પેપર , કાતર , દોરો , સ્ટેપલર , ગુંદર**

કોણ જોડાશે : **તમે અને તમારા ભાઈ-બહેન**

**રીત :** આ ચેલેન્જ એકદમ સરસ છે. તમારા ઘરમાં તમારાથી મોટા જેટલા સભ્યો છે, એટલા સુંદર કાગળના હાર બનાવવાના છે. તમે તૈયાર કરેલા  હાર તમારા ઘરના દરેક વડીલ સભ્યોને પ્રેમથી પહેરાવી તેમને ચરણસ્પર્શ કરવાના છે.

### મનન

આપણને આપણા જ પરિવારના સભ્યોના ચરણસ્પર્શ કરવામાં કે તેમનું સન્માન કરવામાં શરમ આવે છે કે નાનપ લાગે છે. જ્યારે યોગીજી મહારાજ તો દરેક હરિભક્તોનો મહિમા સમજતા. અરે ! હરિભક્તોના સામાનની પ્રદક્ષિણા કરતા. પોતાનાથી નાના યુવકો-હરિભક્તોની સેવા કરવામાં પણ તેઓ સહેજ પણ ખચકાતા નહીં ! યોગીજી મહારાજની કેવી મહિમા દૃષ્ટી !

સત્સંગ વિહાર ચેલેન્જ

## પાઠ : ૧૪
# યોગીજી મહારાજની દિવ્ય દૃષ્ટિ



### ચેલેન્જ ૦૩
## ‘ થઈએ યોગી જેવા… ’

જરૂરી સામગ્રી : **જાતે નક્કી કરવી.**
કોણ જોડાશે : **માત્ર તમે**

**રીત :** આજે તમારે યોગીજી મહારાજ જેવા બનવાનું છે. તમારે આજે સમગ્ર દિવસ દરમિયાન ઘરના દરેક સભ્યોની કોઈ એક સેવા કરવાની છે. જેમ કે, દાદાને પગ દબાવી આપવા… મમ્મીને રસોડામાં મદદ કરવી… પપ્પાને સ્કૂટર સાફ કરી આપવું… ભાઈ-બહેનનું કામ પોતે કરી આપવું… વગેરે.

### મનન

યોગીજી મહારાજે દારેસલામમાં યુવકોના કપડાં યુવકોને કહ્યાં વગર અને કોઇ સેવકને પણ જણાવ્યા વગર જાતે ધોઈ નાખ્યા હતા. ‘આવી સેવા ક્યાંથી મળે !’ - તેવા મહિમા સાથે તેમણે સેવા કરી. તેમ આપણે પણ યોગીજી મહારાજ જેવા સેવક થવાનું છે… તો ચાલો, થઈએ યોગી જેવા…

બાળમિત્રો, તમે પાઠનું વાંચન પણ કરી લીધું અને એક્ટિવિટી દ્વારા તે પાઠની દ્રઢતા પણ કરી લીધી.
હવે, તૈયાર થઈ જાઓ આ પાઠની પરીક્ષા આપવા માટે.
નીચે આપેલી લીંક દબાવો અને આ પાઠમાંથી પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપો.

ગુજરાતી Click Here

English Click Here

**જય સ્વામિનારાયણ**